Conclusion

# ઉપસંહાર

## ઉપસંહાર

કવિ, તત્ત્વચિંતક અને ગદ્યલેખક તરીકેનો 'સાગર'નો આલોચનાત્મક અભ્યાસ અહીં પૂર્ણ થાય છે. આ મહાનિબંધની પૂર્વભૂમિકા રૂપે 'સાગર'ના ઐહિક તેમ જ આધ્યાત્મિક જીવનની તલસ્પર્શી સમીક્ષા આપણે પ્રથમ વિભાગનાં પાંચ પ્રકરણમાં કરી છે. પિતાનો અકાલ દેહાન્ત, લગ્નજીવનમાં નિષ્ફળતા અને પરિણામે હિમગિરિ-નિવાસ દરમિયાન શાસ્ત્રગ્રંથોનું અધ્યયન તેમ જ પ્રણયતપશ્ચર્યા દ્વારા ઐહિક જીવનમાંથી આધ્યાત્મિક જીવન તરફ પ્રયાણ કરતા 'સાગર'ની આત્મસાધનાની પૂર્ણતા સુધીનો વિકાસ - આલેખ આપણે વિગતે જોઇ ગયા છીએ. ઇશ્કેમજાઝીમાંથી ઇશ્કે હકીકીમાં સાગરે પોતાના જીવનનું વહેણ કેવીરીતે બદલ્યું તેનો ચિતાર રજૂ કરવા માટે તેમના આંતરજીવનને ઘડનારાં પ્રેરકબળો - 'કલાપી' દ્વારા પ્રેમધર્મની દીક્ષા અને જગતભરના પ્રેમચિંતકોના તલસ્પર્શી અભ્યાસ દ્વારા એમને પ્રાપ્ત થયેલી સ્નેહયોગની દષ્ટિની અપ્રસિધ્ધ કાવ્યો, પત્રો તેમ જ ડાયરી ને આધારે સમીક્ષા કરી છે.

'સાગર'ના જીવનના પ્રારંભકાળના હૃદયમંથન તેમ જ ઇ.સ. ૧૯૧૫ પછીના સ્વાનુભવનું સ્પષ્ટ ચિત્રણ એમના તત્ત્વચિન્તનમાં તેમ જ કવિતામાં પણ દષ્ટિગોચર થાય છે, જે 'સાગર'ની પ્રસિધ્ધ તેમ જ અપ્રસિધ્ધ કવિતાની બીજા વિભાગનાં ચાર પ્રકરણમાં કરેલી સર્વાંગી સમીક્ષા પરથી જોઇ શકાશે. 'સાગર'ની પ્રારંભકાળની કવિતામાં વિષયસ્વરૂપ, ભાષાશૈલી કે અભિવ્યક્તિમાં નાવીન્ય નથી. 'સાગર'ની આત્મસાધના પૂર્વેના હૃદયમંથનનું તેમ જ આંતર-વિગ્રહનું ચિત્ર જ એમાં નિરૂપાયું છે. ઇ.સ. ૧૯૧૫ પહેલાંની 'સાગર'ની છંદોબધ્ધ કવિતા, ભજની ગીતો, ન્હાનાલાલની શૈલીનાં ગીતો તેમ જ ગઝલોમાં 'સાગર'ના હૃદયનું યથાતથ ચિત્ર જ નિરૂપાયું છે.

આધ્યાત્મિક જીવનની પૂર્ણતા પછી ઇ.સ. ૧૯૧૩ પછી રચાયેલી સાગર ની કવિતા, પદો, ભજનો અને ગઝલોમાં સ્વાનુભવનું બળ તેમ જ મસ્તી અનુસ્યૂત હોઇ, તે કલાદેહ પ્રાપ્ત કરે છે. 'સાગર' ની કવિતાના વિચારદેહને કલાઘાટ અર્પનાર લાક્ષણિક અંગો સૂફીવાદ, પ્રેમલક્ષણા ભક્તિ અને અદ્વૈતવાદનો ત્રિવેણી સંગમ, શૃંગારની પરિભાષામાં આત્માનુભવના આનંદની અભિવ્યક્તિ અને તે માટે સાગરે પ્રયોજેલી ઉપમા, રૂપક, દષ્ટાંત તેમ જ પ્રતીકશૈલી, શબ્દલાલિત્ય, અર્થગાંભીર્ય અને સંગીતક્ષમતાને ગણાવી શકાય તેમ છે. જૂની ભક્તિપરંપરા સાથે પોતાનું અનુસંધાન સાધી આપતી 'સાગર' ની બાની આત્માનુભવી કોટિના સંતકવિની છે. સાગર ની કવિતામાં તાત્ત્વિક સિધ્ધાંતોની સચોટ અભિવ્યક્તિ પણ દશ્યમાન થાય છે. સાગર ની કવિતા પર નરસિંહ, મીરાં, કબીર, અખો, દયારામ તેમ જ 'કલાપી' ની પ્રબળ અસર જોઇ શકાય છે.

અર્વાચીનયુગના સંતકવિ તરીકે આધ્યાત્મિક જીવનની મસ્તીનો સંસ્પર્શ આત્માનુભૂતિનું બળ, સૂફીવાદ, અદ્વૈતવાદ અને પ્રેમલક્ષણા ભક્તિનો સ્વાનુભવ ધ્વારા સમન્વય 'સાગર' ની કવિતાની લાક્ષણિકતા છે. પ્રેમલક્ષણાભક્તિનું તાત્ત્વિક અર્થઘટન તેમ જ વિવિધ પ્રકારનાં પદો ભજનોમાં તેમ જ ઇશ્કે-હકીકીની ભાવના અને સનમ – પરબ્રહ્મ સાથેના મિલનની આનંદ – મસ્તીની ગઝલો ધ્વારા સચોટ અભિવ્યક્તિ સાધતી 'સાગર' ની કવિતા અર્વાચીનયુગના વિભિન્ન કવિતાપ્રવાહોમાં સાગર નું મહત્ત્વનું પ્રદાન છે. આધ્યાત્મિક જીવનનો આનંદ અભિવ્યક્ત કરતી મસ્તી મસ્તરંગના કવિઓમાં 'સાગર' ની વિશેષતા છે.

ત્રીજા વિભાગમાં તત્ત્વચિંતક તરીકે 'સાગર' ની સમીક્ષા કરતાં, એ સ્પષ્ટ થાય છે કે 'સાગર' ના તત્ત્વજ્ઞાનમાં 'કલાપી' ને અણા ધ્વારા

સૂફીવાદ અને અજાતવાદની વિચારધારાની પ્રબળ અસર તેમ જ આ બન્ને વિચારધારાઓનો સુભગ સમન્વય છે. સૂફીવાદ અને અજાતવાદનો સ્વાનુભવ વડે સમન્વય કરનાર 'સાગર'નું તાત્ત્વિક દર્શન તેમની અપ્રસિધ્ધ નોંધો, નકશાઓ તેમ જ ધનચક્કર નકશાની ગાઇડ ફિલમનાં સૂત્રો અને "આમલીનો ધર્મ"નાં સાધનો તપાસતાં પ્રતીત થાય છે કે કબીર અને અખાની કોટિના સ્વાનુભવી સંત સૂફી ફકીર 'સાગર'નો માર્ગ નિરાળો છે – અનુભવી[illegible]નો છે. 'સાગર'નું તત્ત્વજ્ઞાન રહસ્યવેત્તાનું છે. પ્રેમલક્ષણાભક્તિ સૂફી ઇશ્ક અને અજાત અનુભવના સમન્વય ધ્વારા પ્રેમની અનન્યતા અંતઃકરણશુધ્ધિ (સવિશેષ હૃદયશુધ્ધિ) ધ્વારા વાસનાક્ષય – મનોનાશની ભૂમિકા ધ્વારા 'સાગર' પૂર્ણતા પ્રાપ્ત કરે છે. તત્ત્વજ્ઞાન, જીવન અને કવનનો આવો ત્રિવેણીસંગમ કબીર અને અખા જેવા સંતકવિઓમાં સધાયો છે. 'સાગર'નું તાત્ત્વિકદર્શન પણ સ્વાનુભવીનું છે, પંડિત કે આચાર્યનું નથી.

'સાગર'ની આધ્યાત્મિક દ્રષ્ટિનો સંસ્પર્શ કેળવણી, લગ્ન અને દાંપત્યસ્નેહ જેવા ઐહિક વિષયોની એમની વિચારણામાં પણ અનુભવાય છે.

ગદ્યલેખક તરીકે 'સાગર'ના અભ્યાસ પરથી ફલિત થાય છે કે પત્રલેખક તરીકે અર્વાચીન ચિંતનાત્મક ગદ્યકારોમાં 'સાગર'નું સ્થાન આગલી હરોળમાં છે. ચિંતનાત્મક ગદ્યસાહિત્યમાં સ્વાનુભવ ધ્વારા સચોટ અભિવ્યક્તિ સાધતી "'સાગર'ની પત્રરેખામાં" તત્ત્વજ્ઞાનનું રસાન્વિત અન્વેષણ તેમની આગવી શક્તિનો કલાઉન્મેષ બતાવે છે. સંવાદો, તંત્રીલેખો તેમ જ 'સાગર'ની અન્ય પુસ્તિકાઓની ગદ્યશૈલી પણ બહુધા ચિંતનાત્મક ગદ્યકારની છે. ગુજરાતની ઇ.સ. ૧૯૧૨

સુધીની ગઝલોનું સંપાદન, અખાજીની પ્રણાલિકાના સંતોની વાણીનું પ્રથમવાર શાસ્ત્રીય સંપાદન, અખાની અપ્રસિધ્ધ કૃતિઓનું અભ્યાસપૂર્ણ સંશોધન અને તે ધ્વારા અખાના જ્ઞાનમાર્ગની મધ્યકાલીન સંત પરંપરાનું અર્વાચીનયુગમાં નૃસિંહાચાર્યજી સુધી સાતત્ય – એ ક્ષેત્રોમાં 'સાગર' નું પ્રદાન મહત્ત્વનું છે. "'કલાપી' નો કેકારવ" અને "'કલાપી'ની પત્રધારા" પણ 'સાગર' નાં મહત્ત્વનાં અભ્યાસપૂર્ણ સંપાદનો છે. "'કલાપી' અને તેની કવિતા" માં 'સાગર' નું વિવેચક તરીકેનું દર્શન થાય છે.

આત્માનુભવી સંતની કોટિનાં પદો, ભજનો તેમ જ ગઝલો, અને ચતુષ્પદી સાગરરાહમાં રહસ્યવેત્તા 'સાગર' નું દર્શન થાય છે. સંપાદન અને સંશોધન ક્ષેત્રે તેમનું અર્પણ નોંધપાત્ર છે. પણ કવિતા, તત્ત્વચિંતન અને ગધલેખન એ ત્રિવિધ ક્ષેત્રમાં 'સાગર' નું પ્રદાન સૌથી મહત્ત્વનું છે.

---ooo---